# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-11-2025 Day: Friday Morning : 7.55 to 8.00 am**

આકાશવાણી ભુજ સમાચાર કૃપાલી મહિચ્છા વાંચે છે.

---

## ખેડૂતો માટે સહાય પોર્ટલ

કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે જાહેર કરાયેલા સહાય પેકેજનું પોર્ટલ આજથી શરૂ થશે. ખેડૂતો આજે બપોરે 12 કલાકથી 15 દિવસ સુધી **KRP.GUJARAT.GOV.IN** પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકશે.

-----------------------------------------------------------------------------------

## CM : બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરી માર્ગો તથા મહાનગરો અને નગરોના રોડ-રસ્તાના કામોની ગુણવત્તામાં બાંધછોડ ચલાવશે નહી તેવા સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા.

ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણાં મંત્રી કનુ દેસાઈ અને મુખ્ય સચિવ એમ.કે.દાસની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્દેશો આપ્યા હતા. મહાનગરોના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ, મ્યુનિસિપલ કમિશનર આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સીંગથી જોડાયા હતા અને તેમના નગરો-મહાનગરોની રોડ-રસ્તાની સ્થિતિની વિગતો મુખ્યમંત્રીને આપી હતી.

શ્રી પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, માર્ગો પરના ખાડા પુરવાના કામો અગ્રતા ક્રમે હાથ ધરાય એટલુ જ નહી, સંબંધિત અધિકારીઓ નિયમિત પણે ફિલ્ડ વિઝીટ કરીને કામોની ગુણવત્તા ચકાસતા રહે અને **30** નવેમ્બર સુધીમાં માર્ગોની સ્થિતિનો સ્થળ અહેવાલ રજૂ કરવા

પણ સૂચના આપવામાં આવી.

---------------------------------------------------------------------------

## બિહાર વિધાનસભા : મતગણતરી

બિહારમાં વિધાનસભા ચૂંટણી માટે મત ગણતરી આજે સવારે આઠ વાગ્યે શરૂ થશે.બિહારના 38 જિલ્લાઓમાં 46 મત ગણતરી કેન્દ્રો પર મત ગણતરી કરવામાં આવશે. 243 મતવિસ્તારો માટે વિધાનસભા ચૂંટણી માટે મતદાન બે તબક્કામાં યોજાયું હતું. તમામ 2 હજાર 616 ઉમેદવારોના મતદારો ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો **(EVM)** માં સીલ કરવામાં આવ્યા છે.મતદાનમાં ઉપયોગમાં લેવાતા **EVM** અને **VVPAT** ને ત્રણ  સ્તરીય સુરક્ષા વ્યવસ્થા હેઠળ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવામાં આવ્યા છે. તમામ ગણતરી કેન્દ્રો પર વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------

## દેશના પ્રથમ સુકાની

દેશના પ્રથમ સુકાની પંડિત જવાહરલાલ નહેરુની આજે 136 મી જન્મજયંતિ છે**.** તેઓ 17 વર્ષ જેટલા લાંબા સમય સુધી દેશના સુકાની પદે રહ્યા હતા**.** આજે તેમની જન્મ જયંતિ નિમિતે ભુજમાં ટાઉન હોલ સામે આવેલી તેમની પ્રતિમાને ભુજ નગરપાલિકા અને અન્ય સંસ્થાઓ દ્વારા પુષ્પાંજલિ અપાશે આજનો દિવસ બાળદિન તરીકે ઉજવવામાં આવે છે**.**

---------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારત અને દક્ષિણ આફ્રિકાની ટીમો વચ્ચેની બે ટેસ્ટ મેચ ત્રણ વન ડે અને પાંચ ટી 20 મેચોની શ્રેણીનો આજથી આરંભ થાય છે. આજે કોલકતાના ઈડન ગાર્ડન પર પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થાય છે.

---------------------------------------------------------------------------

## આરોગ્ય અધિકારીની નિમણૂક

પૂર્વ કચ્છમાં જિલ્લા આરોગ્ય અધિકારીની નિમણૂક બાદ ગઇકાલે વિધિવત રીતે રામબાગ જિલ્લા હોસ્પિટલમાં ચાર્જ સંભાળી લીધો હતો. આ સાથે હવે જિલ્લા કક્ષાના સ્ટાફની નિમણૂક સહિતની કામગીરી આગળ ધપશે. માંડવીમાં એસ.ડી.એચ.ના અધીક્ષક તરીકે ફરજ બજાવતા ડો. કિશોર રોયને પ્રમોશન આપી પૂર્વ કચ્છ જિલ્લા આરોગ્ય અધિકારી એટલે કે સીડીએમઓ તરીકે રામબાગ હોસ્પિટલમાં મૂકવામાં આવ્યા છે. રામબાગ અધીક્ષક ડો. હરેશ મટાણીએ આજે પોતાનો ચાર્જ મૂકી દીધો હતો અને ડો. કિશોર રોયએ જિલ્લા આરોગ્ય અધિકારી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.

---------------------------------------------------------------------------------

## વાંઢિયા ગામ નજીક ટ્રેલરમાં આગ

ભચાઉ તાલુકાના વાંઢીયા ગામ નજીક ઘાસચારો ભરેલું એક ટ્રેલર વીજ લાઇનના સંપર્કમાં આવતા ભડભડ સળગી ઉઠ્યું હતું. આ ઘટના ગઇકાલે બપોરે ચાર વાગ્યાના અરસામાં બની હતી. આગને કારણે આકાશમાં દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ટ્રેલર પંજાબથી સૂકો ઘાસચારો ભરીને વાંઢીયા તરફ જઈ રહ્યું હતું. રસ્તામાં ઉપરથી પસાર થતી હેવી વીજ લાઇનના સંપર્કમાં ઘાસચારો આવતા તેમાં આગ લાગી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખો રૂપિયાના ટ્રેલર અને ઘાસચારાના જથ્થાને વ્યાપક નુકસાન થયું છે.

---------------------------------------------------------------------------------

## ભચાઉ માર્કેટિંગ યાર્ડ

ભચાઉ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માર્કાટિંગ યાર્ડમાં સરકાર દ્વારા વિવિધ ખેતપેદાશોની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાપરના ધારાસભ્ય અને જિલ્લા પંચાયતના પ્રમુખે ખરીદી શરૂ કરાવી ત્યારબાદ ખેડૂતો અને વેપારીઓ સાથે સંવાદ કર્યો હતો. કચ્છ શાખા નહેરમાં પાણીથી ખેતપેદાશોમાં વધારો થયો છે. જેથી ધારાસભ્યએ ખુશી વ્યક્ત

કરી હતી. અગાઉ 150 મણ એરંડા યાર્ડમાં મૂકતા હતા, આજે 1200થી 1500માં એરંડા મૂકવામાં આવી રહ્યા છે તેમ જિલ્લા પંચાયતના પ્રમુખે કહ્યું હતું. ભચાઉ બજાર સમિતિના ચેરમેન વાઘુભા જાડેજાએ સરકાર ટેકાના ભાવે ખરીદી કરતા ખેડૂતોમાં ખુશી છે, માવઠાંના માર પછી સરકારનું આ હિતકારી પગલું છે તેમ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------